રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020(NEP) અને રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા - પાયાનો તબક્કો 2024 આધારિત

# બાલવાટિકા
# ધોરણ ૧ અને ૨

## શિક્ષક પ્રશિક્ષણ મોડ્યુલ



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

વર્ષ : ૨૦૨૬-૨૦૨૭



**પ્રેરક**

**આનંદ પટેલ (IAS)**
ડાયરેક્ટર,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**માર્ગદર્શક**

**ડૉ. અવનીબા મોરી**
અધિક નિયામક,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**એસ. જે. ડુમરાળીયા**
સચિવ,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**ડૉ. દેવદત્ત પંડ્યા**
રીડર,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**વિનોદકુમાર ડી. અઢીયોલ**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

**સંકલન**

**ડૉ. ઈકબાલ વોરા**
રિસર્ચ એસોસિયેટ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**ચંદ્રેશ પાલ્લીઆ**
રિસર્ચ એસોસિયેટ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**જયેશભાઈ પટેલ**
Ass. OIC, QEC, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**વિષય કન્વીનર**

**ડૉ. હરેશ ચૌધરી**
રીચ ટુ ટીચ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**સહ કન્વીનર**

**જૈમિનભાઈ ચૌધરી**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

**ડૉ. ભરતકુમાર અગ્રવાલ**
સિનિયર લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

**લેખક**

સુચિતકુમાર જે. પ્રજાપતિ
સંજયકુમાર બી. પટેલ
અશોકકુમાર બી. પટેલ
ધવલભાઈ પી. પટેલ
છાયાબેન પટેલ
વિમલભાઈ એચ. પટેલ
નિતીનકુમાર એમ. પ્રજાપતિ
ગોપાલભાઈ બી. જાદવ

ધર્મેશકુમાર એમ. રામાનુજ
ડૉ.અશોક એમ. પરમાર
નટવરસિંહ ડી. પરમાર
ગોપાલભાઈ એસ. પટેલ
પલ્કાબેન જે. ચૌધરી
નટવરભાઈ બી. પ્રજાપતિ
હરેશભાઈ પી. પટેલ
રાઘવભાઈ કટકિયા

રાકેશભાઈ સી. પટેલ
રમેશભાઈ એમ. દેસાઈ
મહિપાલસિંહ એસ. જેતાવત
ભૂમિકા ડી. પટેલ
કિંજલબેન ડી. ગોસાઈ
જૈમિકાબેન કે. રાઠોડ
ગીતાબેન જે. પરમાર

**સમીક્ષક**

સુનિલકુમાર એન. પટેલ
વિજયકુમાર કે. પટેલ

ડીનલ ડી. દેસાઈ
નીતાબેન એ. ત્રિવેદી

જીનલકુમારી એ. કુંપાવત
રવિકુમાર પટેલ

# પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 દ્વારા સૂચિત 5+3+3+4 ના શાળાકીય માળખા પૈકી પાયાના તબક્કાનાં પાંચ વર્ષ બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ અગત્યનાં છે. આ પાંચ વર્ષ પૈકી બાલવાટિકા અને ધોરણ 1-2 નાં ત્રણ વર્ષ દરમિયાન બાળક આપણી પાસે પ્રાથમિક શાળામાં હોય છે. શાળામાં આ ત્રણ વર્ષ દરમિયાન બાળકને એવા અધ્યયન અનુભવો મળવા જોઈએ કે જેથી એના ભાવિ શિક્ષણનો પાયો મજબૂત બને.

'રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા – પાયાનો તબક્કો 2023'નું અમલીકરણ આપણા રાજ્યમાં થઇ ગયું છે. આ અભ્યાસક્રમ રૂપરેખા અને નિપુણ ભારત મિશનમાં દર્શાવેલ બાબતોને આમેજ કરીને આપણે બાલવાટિકા અને ધોરણ 1-2 ની અધ્યયન અધ્યાપન સામગ્રી તૈયાર કરી છે. આ અધ્યયન અધ્યાપન સામગ્રીનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ એ અંગેની પૂરતી સમજણ આપણે આ તાલીમ દરમિયાન કેળવીએ.

'ભારતનું ભાવિ એના વર્ગખંડમાં ઘડાય છે' એ વાત સારી રીતે સમજવા માટે આ તાલીમ તમને ખૂબ ઉપયોગી બનશે. તાલીમ દરમિયાન તમને જાણવા મળશે કે વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે થતી તમામ આંતરક્રિયા અને પ્રવૃત્તિઓ બાળકના ઘડતરમાં અને રાષ્ટ્રના નિર્માણમાં કેવી રીતે ફાળો આપે છે. વિદ્યાર્થીમાં 21મી સદીનાં કૌશલ્યો વિકસાવવા માટે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં કેવું પરિવર્તન કરવું જોઈએ એ વાત પણ તમને આ તાલીમ દરમિયાન જાણવા મળશે.

તાલીમ દરમિયાન તજજ્ઞો અને તાલીમાર્થી શિક્ષકો દ્વારા થતા નિદર્શન વખતે આપણે જાગૃત રહીને સહભાગી થઈશું તો આપણા વર્ગખંડમાં આ તાલીમનો યોગ્ય ઉપયોગ કરી શકીશું.

આશા છે કે બાલવાટિકા અને ધોરણ 1-2ની શિક્ષક તાલીમ સાથે સંકળાયેલા સૌ તજજ્ઞ મિત્રો અને શિક્ષક મિત્રો આ તાલીમનું મહત્ત્વ સમજીને તાલીમ કાર્યક્રમનું અમલીકરણ કરશે. તાલીમ બાદ વર્ગખંડમાં પણ આ તાલીમ અમલીકૃત થશે તેવી શ્રદ્ધા સાથે સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

**આનંદ પટેલ (IAS)**
ડાયરેક્ટર, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

## પ્રજ્ઞા અધ્યયન સંપુટ નવા સ્વરૂપે...

મિત્રો, પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન (પ્રજ્ઞા) અભિગમના અમલીકરણના આપણા દોઢેક દાયકાના અનુભવ દરમિયાન આ અભિગમના મુખ્ય સિદ્ધાંતોને જાળવી રાખીને અધ્યયન અધ્યાપન સામગ્રી તેમજ વર્ગખંડ વ્યવસ્થાપનમાં કેટલાક ફેરફારો આવ્યા છે. આપને યાદ હશે કે શરૂઆતમાં ધોરણને બદલે માત્ર વિષયખંડ હતા. તેમજ દરેક વિષયખંડમાં છ જૂથ હતાં. અમલીકરણની સરળતા માટે અને જૂથ સંચાલન માટે પાછળથી છ જૂથને બદલે ચાર જૂથ કરવામાં આવ્યાં. જૂથ વ્યવસ્થાપનના આ બદલાવ દરમિયાન એ બાબતનું ધ્યાન રાખવામાં આવેલું કે વિદ્યાર્થી શિક્ષક પાસેથી શીખે, સહપાઠી સાથે મળીને શીખે, વ્યક્તિગત કાર્ય કરે અને જે તે મુદ્દાના નિયત અધ્યયન અનુભવ પછી શિક્ષક દ્વારા મૂલ્યાંકન થાય અને એ મુજબ પ્રગતિમાપન રજીસ્ટરમાં વિદ્યાર્થીની પ્રગતિની નોંધ થાય.

સામગ્રી અને વર્ગખંડ વ્યવસ્થાપનમાં થઈ રહેલા આ સ્વાભાવિક પરિવર્તનના ક્રમમાં એક મોટો બદલાવ ત્રણેક વર્ષ પહેલાં આવ્યો. આ અગાઉ (વિદ્યાર્થીઓની વ્યક્તિગત અને વર્ગખંડની સામૂહિક) અધ્યયન અધ્યાપન સામગ્રી કાર્ડ, લેડર, શિક્ષક માર્ગદર્શિકા, સ્વઅધ્યયન પોથી, અર્લી રીડર, પ્રગતિમાપન રજીસ્ટર વગેરે સ્વરૂપે જુદી જુદી હતી. ત્રણેક વર્ષ પહેલાં આવેલા ફેરફાર મુજબ આ બધી સામગ્રી પાછળના મૂળ હેતુ અને શૈક્ષણિક સિદ્ધાંતોને જાળવીને એક પુસ્તક સ્વરૂપે આપવામાં આવી, જેને આપણે 'અધ્યયન સંપુટ' નામથી ઓળખીએ છીએ. આ અધ્યયન સંપુટમાં શિક્ષકો અને વાલીઓ માટે ઉપયોગી હોય એવી વાચન સામગ્રી પણ હતી. જેમાં વિકાસનાં ક્ષેત્ર પ્રમાણે અભ્યાસક્રમનાં ધ્યેય, ક્ષમતાઓ, અધ્યયન નિષ્પત્તિઓ, શિક્ષકો માટેની વિગતવાર સૂચનાઓ અને માર્ગદર્શન વગેરેનો સમાવેશ કરેલો. આ અધ્યયન સંપુટના ઉપયોગ દ્વારા તમે સમજી શક્યા હશો કે અધ્યયન સંપુટ મુજબ અધ્યયન અધ્યાપન કરીએ ત્યારે પણ પ્રજ્ઞાના મૂળભૂત સિદ્ધાંતો જાળવવામાં આવે છે. એટલા માટે જે તે એકમમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓમાં જૂથ કાર્ય, જોડી કાર્ય અને વ્યક્તિગત કાર્યનો સમાવેશ કરવામાં આવેલો. દરેક બાળકની પ્રગતિની નોંધ થઈ શકે એવો અવકાશ પણ અધ્યયન સંપુટમાં આપવામાં આવ્યો છે. આમ, અધ્યયન સંપુટ સ્વરૂપે આવેલી સામગ્રી પ્રજ્ઞાની અગાઉની સામગ્રીનું જ સંકલિત અને એકીકૃત સ્વરૂપ હતી.

અધ્યયન અધ્યાપન સામગ્રીમાં થતા પરિવર્તનના આગળના ક્રમમાં આ વર્ષે એટલે કે વર્ષ 2026-27 માં થોડોક ફેરફાર કર્યો છે. આ અધ્યયન સંપુટને બે સ્વરૂપમાં તૈયાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ માટેની સામગ્રી અને શિક્ષકો માટેની સામગ્રી અલગ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટેના પુસ્તકમાંથી વાલીઓ અને શિક્ષકો માટેની વાચન સામગ્રી દૂર કરવામાં આવી છે. જ્યારે શિક્ષકો માટેના પુસ્તકમાં શિક્ષકો અને વાલીઓ માટેની વાચન સામગ્રી યથાવત રાખવામાં આવી છે. આ બદલાવ બહુ મોટો નથી. દાખલા તરીકે એક ગીત ગવડાવવાનું હોય તો શિક્ષક માટેના પુસ્તકમાં એ ગીત આપેલું છે, જ્યારે વિદ્યાર્થીના પુસ્તકમાં માત્ર એટલું જ લખ્યું હશે કે 'ચાલો ગીત ગાઈએ'. આ જ રીતે કોઈ રમત રમવાની હોય તો રમત અંગેનું વર્ણન શિક્ષકના પુસ્તકમાં છે.

ઉપરોક્ત બદલાવને લીધે આ વર્ષે અધ્યાપન કાર્ય કરાવવા માટે 'શિક્ષકો માટેના પુસ્તક'નો ઉપયોગ કરવાનો છે. વિદ્યાર્થીઓ માટેનું પુસ્તક જુદું છે એ બાબત સતત ધ્યાનમાં રાખીએ.

કે 'ભારતના બંધારણને વફાદાર એવા નાગરિકોનું ઘડતર' આપણા વર્ગખંડમાં થઇ રહ્યું છે. તથા જ શિક્ષકને રાષ્ટ્ર નિર્માતા કહેવાય છે. આપણા રોજબરોજના શૈક્ષણિક કાર્ય દરમિયાન આપણે સભાન રહેવું જોઈએ કે મારા વર્ગમાં જે થાય છે એ અંતે તો 'રાષ્ટ્રનિર્માણ'ના યજ્ઞમાં આહુતિ આપે છે!

અત્યારે સ્વાભાવિક શંકા એ થાય કે હું શિક્ષક તરીકે મારા વર્ગમાં એક પ્રવૃત્તિ કરાવું એને રાષ્ટ્ર નિર્માણ કે દેશનાં બંધારણ સાથે કેવી રીતે સંબંધ હોય? આ તાલીમ દરમિયાન આપણે આ સમજવાના છીએ. આપણે જે પ્રવૃત્તિ કરાવીએ છીએ એ કોઈક અધ્યયન નિષ્પત્તિને ધ્યાનમાં રાખીને કરાવવાના છીએ. એ અધ્યયન નિષ્પત્તિ કોઈક ક્ષમતાનો ભાગ છે. એ ક્ષમતા અભ્યાસક્રમના ધ્યેયમાંથી આવે છે. અભ્યાસક્રમનું ધ્યેય શિક્ષણનાં લક્ષ્યોમાંથી આવે છે, શિક્ષણનાં લક્ષ્યો અભ્યાસક્રમ રૂપરેખામાંથી આવે છે, અભ્યાસક્રમ રૂપરેખા રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખીને બને છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના બંધારણને અનુલક્ષીને બને છે! આ એક આખો સળંગ વિકાસ ક્રમ સમજવા માટેની સેશનથી આ તાલીમ શરૂ થાય છે.

આ તાલીમ દરમિયાન તજજ્ઞો દ્વારા નિદર્શન થશે. જેમાં બાલવાટિકાની કેટલીક પ્રવૃત્તિઓ હશે અને ધોરણ 1- 2 ના ગુજરાતી અને ગણિતના એકમમાંથી લીધેલી કેટલીક પ્રવૃત્તિઓ પણ હશે. તજજ્ઞોના નિદર્શન બાદ 'નિદર્શન દરમિયાન શું, કેવી રીતે અને શા માટે કર્યું' એ વિશે અનુચિંતન કરીશું. તજજ્ઞોના નિદર્શન બાદ તાલીમાર્થીઓ દ્વારા પણ નિદર્શન થશે એમાં પણ 'અનુચિંતન' પર વિશેષ ભાર આપવામાં આવશે.

નિદર્શન ઉપરાંત પણ  કેટલીક ભાષા રમતો તાલીમ દરમિયાન રમીશું. આ ભાષા રમતો ધોરણ 1 અને 2 ના અધ્યાપન કાર્ય દરમિયાન અવારનવાર રમાડવાની હોય છે. આ ભાષા રમતો રમાડતાં શીખીએ. આ રમતો 'શા માટે' રમાડવાની છે એ આપણને સમજાઈ જશે તો અન્ય વિષયવસ્તુ માટે પણ આ રમતોનો ઉપયોગ કરતાં થઇ જઈશું.

તાલીમ દરમિયાન થતી પ્રત્યેક પ્રવૃત્તિ 'શા માટે' અને  'કેવી રીતે' કરવાની છે એનું અનુચિંતન અવશ્ય કરીશું. કોઈ એક પ્રવૃત્તિ જુદી રીતે કરીએ તો શું થાય? જે તે અધ્યયન નિષ્પત્તિને ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિમાં કેવા ફેરફાર કરી શકાય? કેવો ફેરફાર કરવાથી પ્રવૃત્તિ વધુ અસરકારક થાય? કેવો ફેરફાર કરવાથી પ્રવૃત્તિનો હેતુ જ માર્યો જાય? આવા પ્રશ્નો વિશે તાલીમ દરમિયાન થતી ચર્ચામાં જાગૃતિપૂર્વક ભાગ લઈએ. આમ કરવાથી પુસ્તકમાં આપેલી તમામ પ્રવૃત્તિઓ અંગે આપણી સભાનતા વધશે અને પ્રવૃત્તિઓ વધુ અસરકારક બનશે.

# અનુક્રમણિકા


| ક્રમ | સેશન | વિષય | પાના નં. |
|---|---|---|---|
| 1 | 1 | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને આપણા વર્ગખંડો | 1 |
| 2 | 2 | બાલવાટિકા તજજ્ઞ દ્વારા નિદર્શન | 6 |
| 3 | 3 | બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 1 | 11 |
| 4 | 4 | બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 2 | 15 |
| 5 | 5 | બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 3 | 18 |
| 6 | 6 | બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 4 | 20 |
| 7 | 7 | બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 5 | 22 |
| 8 | 8 | ગુજરાતી પ્રવૃત્તિ નિદર્શન | 23 |
| 9 | 9 | ગણિત - તજજ્ઞ દ્વારા એકમ નિદર્શન | 39 |
| 10 | 10 | ગણિત - તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 1 | 41 |
| 11 | 11 | ગણિત - તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 2 | 44 |
| 12 | 12 | ગણિત - તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 3 | 47 |
| 13 | 13 | ગણિત - તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 4 | 50 |
| 14 | 14 | ગુજરાતી - તજજ્ઞ દ્વારા એકમ નિદર્શન | 53 |
| 15 | 15 | ગુજરાતી - તાલીમાર્થી દ્વારા જૂથકાર્ય 1 | 57 |
| 16 | 16 | ગુજરાતી - તાલીમાર્થી દ્વારા જૂથકાર્ય 2 | 61 |
| 17 | 17 | ગુજરાતી - તાલીમાર્થી દ્વારા જૂથકાર્ય 3 | 64 |
| 18 | 18 | ગણિત પ્રવૃત્તિ નિદર્શન (પ્રવૃત્તિઓ 1 થી 24) | 66 |

# સેશન 1 : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને આપણા વર્ગખંડો

**આ સેશનના હેતુઓ (Learning Objectives) :**

**આ સેશનના અંતે શિક્ષકો...**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020)ના વિઝન અને શિક્ષણના મૂળભૂત હેતુઓને સ્પષ્ટ રીતે સમજી શકશે.
- બંધારણથી લઈ વર્ગખંડની પ્રવૃત્તિઓ સુધીની સફરને 'સમજણના પિરામિડ' દ્વારા સમજાવી શકશે.
- ફાઉન્ડેશનલ સ્ટેજ માટે નિર્ધારિત 13 કરિક્યુલર ગોલ્સ(CGs)ને ઓળખી શકશે.
- બાળવિકાસના વિવિધ તબક્કાઓ (0 - 3 વર્ષ અને 3 - 8 વર્ષ)ની 22 લાક્ષણિકતાઓનું ચોક્કસ વર્ગીકરણ કરી શકશે.
- CG થી અધ્યયન નિષ્પતિ કેવી રીતે જોડાયેલી છે? તે સમજી શકશે.

## 1. પ્રસ્તાવના: શિક્ષણનું મૂળતત્વ

મૂળભૂત રીતે શિક્ષણ એટલે જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને મનોઝોકની પરિપૂર્ણતા. શિક્ષણ વ્યક્તિમાં જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને મનોઝોકના વિકાસ દ્વારા સમાજના ભાવિ દર્શનને સાકાર કરવામાં મહત્વનો ફાળો આપે છે. ભાવિ દર્શનને ભારતના બંધારણમાં દર્શાવવામાં આવ્યું છે.

આ ભારતીય દર્શન આધારિત શિક્ષણનું દર્શન NEP-2020 માં નીચે મુજબ વર્ણવેલું છે:

'આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતીય નીતિ સિદ્ધાંતોથી પોષિત એવી શિક્ષણ પ્રણાલીની કલ્પના કરે છે જે ઇન્ડિયા એટલે કે ભારતને રૂપાંતરિત કરવામાં સીધું યોગદાન આપે છે. આ રૂપાંતરણ બધાને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડીને ટકાઉ રીતે સમાન અને ગતિશીલ જ્ઞાનયુક્ત સમાજનું નિર્માણ કરવાનું છે અને તે રીતે ભારતને જ્ઞાનના શિખરે પ્રસ્થાપિત કરે છે.'

### શિક્ષણનો હેતુ:

શિક્ષણનો હેતુ એવા માનવી બનાવવાનો છે જેઓ તર્કબદ્ધ વિચારીને કાર્ય કરી શકે. તેઓ કરુણા, સહાનુભૂતિ, હિંમત, લવચીકતા, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સર્જનાત્મક કલ્પનાશક્તિ ધરાવતા હોય તથા નૈતિક મૂલ્યો ધરાવતા હોય.

### વ્યક્તિગત અનુચિંતન :

NEP-2020 ના વિઝન મુજબ એક નાગરિકમાં કયા ગુણો કેળવાય તેમ કહેવાયું છે?

## 2. નીતિથી વર્ગખંડ સુધી: સમજણનો પિરામિડ

આ સફરને સમજીએ:




**13 કરિક્યુલર ગોલ્સ**

| | | |
|---|---|---|
| શારીરિક વિકાસ | CG 1 | બાળકોમાં એવી ટેવો વિકસે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે |
| | CG 2 | બાળકો સંવેદનાત્મક દૃષ્ટિકોણમાં ચોકસાઈ (શાર્પનેસ) વિકસાવે છે |
| | CG 3 | બાળકો તંદુરસ્ત અને લવચીક શરીર વિકસાવે છે |
| સામાજિક ભાવનાત્મક અને નૈતિક વિકાસ | CG 4 | બાળકો ભાવનાત્મક બૂદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતા કેળવે છે તેમજ સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપે છે |
| | CG 5 | બાળકો ઉત્પાદક કાર્ય અને સેવા પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે |
| | CG 6 | બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે |
| જ્ઞાનાત્મક વિકાસ | CG 7 | બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે |
| | CG 8 | વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે |
| ભાષા અને સાક્ષરતા વિકાસ | CG 9 | બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયા માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે |
| | CG 10 | બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે |
| | CG 11 | બાળકો દ્વિતીય ભાષામાં વાંચવાનું અને લખવાનું શરૂ કરે છે |
| કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ | CG 12 | બાળકો દૃશ્યમાન કલા અને પ્રસ્તુતિની ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે તથા કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે |
| અધ્યયનની સકારાત્મક ટેવો | CG-13 | બાળકો શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણના વાતાવરણમાં સક્રિયપણે ભાગ લેવા માટેની અધ્યયનની ટેવ વિકસાવે છે. |




◆ **પિરામિડની સમજ:**

- **સમાજનું દર્શન :** ભારતના બંધારણમાં છે.
- **શિક્ષણનાં લક્ષ્યો (Aims):** બંધારણ આધારિત નક્કી થાય છે.
- **અભ્યાસક્રમનાં ધ્યેયો (Curricular Goals):** લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે નક્કી થાય છે.
- **ક્ષમતાઓ (Competencies) અને નિષ્પત્તિઓ (LOs):** તે દર્શાવે છે કે વિદ્યાર્થીઓ શું શીખશે.

## 3. બાળવિકાસની લાક્ષણિકતાઓનું વર્ગીકરણ (જોડીકાર્ય)

ના છ અન કઇ 'પૂવ બાલ્યાવસ્થા' ના. તમજ તન ાવકાસના કયા ક્ષત્રમા મૂકવા જાઇઅ. તન કાષ્ટકમા યાગ્ય સ્થાન લખો.

❖ **વર્ગીકરણ માટેની 22 લાક્ષણિકતાઓ :**

1. વજન અને ઊંચાઈ ઝડપથી વધે છે.
2. ગબડવું, બેસવું, ઊભા થવું જેવી સ્નાયુવિક ક્રિયાઓ શરૂ કરે છે.
3. શિશુ અવસ્થાના અંતમાં ચાલવા અને સ્થિર થવા પર કાબૂ મેળવતો જાય છે.
4. શારિરીક ક્રિયાઓ સાથે જોવું, સાંભળવું જેવા સંવેદનાત્મક (ઇન્દ્રિયગત) અનુભવોનું જોડાણ કરે છે. જોયેલી વસ્તુઓ યાદ રાખી શકે છે.
5. રડવું (જન્મસમયે), મધુર ઘુઘવાટ (1 થી 2 મહિને), લવારી કરવી (છ મહિને), ઈશારા કરવા (8 થી 12 મહિને), પોતાના નામ વિશે સભાનતા (5 મહિને), પહેલો શબ્દ બોલવો (10 થી 15 મહિને), શબ્દભંડોળમાં ઘણો વધારો (18 મહિને), શબ્દો સમજવાની ક્ષમતામાં વધારો થાય (18 થી 24 મહિને), બે શબ્દોનો ઉપયોગ કરી અભિવ્યક્તિ કરે (18 થી 24 મહિને).
6. માતા-પિતા અને બાળકના સંબંધમાં ભાવ એ ચાવીરૂપ છે. ભાવ એ જ તેની પ્રથમ ભાષા છે.
7. નવજાત શિશુ રડીને ઘણાબધા આવેગોને વ્યક્ત કરે છે.
8. સાચા ખોટાની સમજ તેઓની લાગણી, ઇચ્છાઓ (લાગણીઓ) અને જરૂરિયાત આધારિત હોય છે.
9. વજન-ઊંચાઈમાં થતા વધારાનો દર શિશુ અવસ્થાના પ્રમાણમાં ઘટે છે.
10. અનુભવો, માનસિક ચિત્રો અને નવા શબ્દભંડોળને આધારે જગત અને લોકો વિશે શીખે છે.
11. વસ્તુઓ અને માણસો કેવી રીતે કાર્ય કરે છે તેની સમજ કેળવવાની શરૂઆત કરે છે.
12. સ્મૃતિ મોટેરાં કરતાં પણ વધુ ધારદાર બને છે.
13. ભાષાના નિયમો તારવવા માંડે છે. (દા.ત. મમ્મી આવી, પપ્પા આવ્યા)
14. બોલાતી ભાષા વિશે સભાન બને છે.
15. વાક્યમાં શબ્દોને કયા ક્રમમાં બોલવા તે સમજે છે અને તેનો ઉપયોગ કરે છે.
16. શબ્દભંડોળમાં નાટ્યાત્મક રીતે વધારો થાય છે.
17. વાતચીત કૌશલ્યમાં વૃદ્ધિ થાય છે, સ્થિતિ અને વ્યક્તિ મુજબ વાત કરવાનું શીખે છે.
18. આવેગોને વ્યક્ત કરે, સમજે અને નિયમન કરવાનું શરૂ કરે છે.
19. અભિમાન, શરમ અને અપરાધ (ગિલ્ટ) જેવા 'સ્વ' ને લગતા આવેગો અનુભવવાનું વધે છે.
20. સામાજિક ધારાધોરણમાં અનુકૂલિત થવા આવેગોનું નિયમન કરવાની જરૂરિયાત વિશે સભાન થવાનું શરૂ કરે છે.

21. આ અવસ્થામાં વિદ્યાર્થીઓને લાગે છે (તેઓ એમ વિચાર કરે છે) કે ન્યાય અને નિયમો ન બદલી શકાય તેવા તથા માણસોના નિયંત્રણ બહારની બાબતો છે.

22. વર્તનની યોગ્યતા તેના પરિણામોના આધારે તારવે છે, નહીં કે ઈરાદાઓને આધારે.

❖ **લાક્ષણિકતાઓના ક્રમ લખો. (જોડીકાર્ય)**

| વિકાસનાં ક્ષેત્રો | શિશુ અવસ્થા (0 થી 3 વર્ષ) | પૂર્વ બાલ્યાવસ્થા (3 થી 8 વર્ષ) |
|---|---|---|
| શારીરિક વિકાસ | | |
| બૌદ્ધિક વિકાસ | | |
| ભાષા વિકાસ | | |
| સામાજિક-ભાવનાત્મક | | |
| નૈતિક વિકાસ | | |

**4. SCF-FS મુજબ CG થી અધ્યયન નિષ્પત્તિ કેવી રીતે જોડાયેલી છે? તે નીચેની પ્રવૃત્તિ કરતાં કરતાં સમજીએ. (જોડીકાર્ય)**

વાંચો CG 8 : **વિશ્વને ઓળખવા માટે વિદ્યાર્થીઓ માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.**

પ્રશ્ન 1. ઉપરોક્ત CG અંતર્ગત નીચેના વિકલ્પો પૈકી કઈ ક્ષમતા આવી શકે તેને ટીક કરી લખો.

❖ વિકલ્પોઃ

A. પોતાની સંભાળ અને સ્વચ્છતા રાખે છે.

B. વિવિધ શારીરિક પ્રવૃત્તિઓમાં સંતુલન, સંકલન અને લવચીકતા દર્શાવે છે.

C. સ્પષ્ટ કથાવસ્તુ અને પાત્રો સાથે ટૂંકી વાર્તા કહે છે.

D. સ્થાનકિંમતની સમજ સાથે 99 સુધીની સંખ્યાઓને ઓળખે છે અને તેનો ઉપયોગ કરે છે.

જવાબ 1 (CG 8માં લાગુ પડતું ક્ષમતા વિધાન): ____________________

____________________

પ્રશ્ન 2. અગાઉના પ્રશ્ન 1 માં આપે પસંદ કરેલી ક્ષમતા માટે નીચે કુલ 10 અધ્યયન નિષ્પત્તિ વિકલ્પ સ્વરૂપે આપેલ છે. તે પૈકી આ ક્ષમતાવિધાન માટે લાગુ પડતી અધ્યયન નિષ્પત્તિ સામે ખરાની નિશાની ✓ કરો અને લાગુ પડતી ન હોય તેવી અધ્યયન નિષ્પત્તિ સામે ખોટાની નિશાની ✕ કરો.

1. અવકાશીય સંબંધના શબ્દો વિકસાવે છે અને તેનો ઉપયોગ કરે છે.

2. નવ સુધીના અંકોને ઓળખે છે.

3. અઠવાડિયાના દિવસો અને વર્ષના મહિનાઓનાં નામ જાણે છે.

4. 99 સુધીની સંખ્યાને 10, 20, 30 ના જૂથમાં ગણે છે.

5. 20 સુધીની સંખ્યાઓને અંકોમાં અને 10 સુધીની સંખ્યાને શબ્દોમાં ઓળખે છે.

6. 99 સુધીની સંખ્યાને સ્થાનકિંમતની સમજ સાથે ઓળખે છે, વાંચે છે અને લખે છે.

7. 20 સુધીની બે સંખ્યાઓની તુલના કરે છે અને તેનાથી મોટી અથવા તેનાથી નાની જેવા શબ્દોનો ઉપયોગ કરે છે.

8. સરળતાથી નવ સુધીના અંકો લખે છે.

9. સરવાળા અને બાદબાકી વચ્ચેના સંબંધને ઓળખે છે અને તેનો ઉપયોગ કરે છે.

10. સૌથી મોટી અને સૌથી નાની બે અંકોની સંખ્યાઓની તુલના કરે છે અને નવી સંખ્યા બનાવે છે.

પ્રશ્ન 3. અગાઉના પ્રશ્ન 1 માં આપે પસંદ કરેલ ક્ષમતા વિધાન અંતર્ગત આપે ✓ કરેલી અધ્યયન નિષ્પતિ(LO)ઓ પૈકી કઈ અધ્યયન નિષ્પત્તિ બાલવાટિકા માટે, કઈ ધોરણ 1 માટે અને કઈ ધોરણ 2 માટે હોઈ શકે? તે મુજબ વર્ગીકરણ કરો.

**CG 8 : વિશ્વને ઓળખવા માટે વિદ્યાર્થીઓ માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.**

ક્ષમતા (C) : ____________________

| બાલવાટિકાના LO | ધોરણ 1ના LO | ધોરણ 2ના LO |
|---|---|---|
| | | |

પ્રશ્ન 4. શું તમને લાગે છે કે અહીં પસંદ થયેલી ક્ષમતા માટે પ્રત્યેક ધોરણમાં આટલી જ અધ્યયન નિષ્પત્તિઓ હશે? ચર્ચા કરો.

ચર્ચા બાદ મોડ્યૂલના અંતે આપેલ પરિશિષ્ટ-1નો અભ્યાસ કરો.

## 5. ચેકલિસ્ટ (વ્યક્તિગત કાર્ય)

| ક્રમ | વિગત | હા / ના | નોંધ |
|---|---|---|---|
| 1 | શું હું NEP 2020 ના વિઝનને વર્ગખંડની પ્રવૃત્તિઓ સાથે જોડી શકું છું? | | |
| 2 | શું હું શિશુ અવસ્થા અને પૂર્વ બાલ્યાવસ્થાની લાક્ષણિકતાઓ વચ્ચેનો તફાવત ઓળખી શકું છું? | | |

| | | | |
|---|---|---|---|
| 3 | શું હું વિદ્યાર્થીઓના 'Generalization' (ભાષાના નિયમો તારવવા) ની ભૂલોને સહજ ગણી પ્રોત્સાહન આપી શકીશ ? | | |
| 4 | શું હું વર્ગમાં 22 પૈકીની મોટાભાગની લાક્ષણિકતાઓનું અવલોકન કરી તે આધારે કાર્ય કરી શકીશ ? | | |
| 5 | CG થી અધ્યયન નિષ્પત્તિ કેવી રીતે જોડાયેલી છે ? તે સમજી શકીશ. | | |

**6. સેશનનું અનુચિંતન**

1. આ સેશનમાં આપણે શું શું કાર્ય કર્યું?
2. આપણે વર્ગીકરણ / CG થી નિષ્પત્તિ ધારવી / જૂથકાર્ય / જોડીકાર્ય શા માટે કર્યું?
3. કયા કામમાં મુશ્કેલી પડી?
4. ફરી જૂથ/જોડીમાં કામ કરતી વખતે શું ધ્યાન રાખીશું?
5. સમગ્ર ચર્ચા વડે આપણે શું તારવ્યું?

## સેશન 2 : બાલવાટિકા માટે તજજ્ઞ દ્વારા નિદર્શન

**સેશન 2 થી 7ના હેતુઓ:**

**સેશન 2 થી 7ના અંતે શિક્ષકો...**

- પ્રવૃત્તિ સાથે વિષયનો અનુબંધ સમજી શકશે.
- બાલવાટિકાના વર્ગમાં કરવાની પ્રવૃત્તિઓને સમજી તેનું NEP, NCF, SCFનાં બિંદુઓ સાથે જોડાણ સમજી શકશે.
- પાયાના શિક્ષણની શરૂઆતની વિષયવસ્તુ આધારિત રસપ્રદ અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ જાણી શકશે.
- વિષયવસ્તુ સાથે સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ વિષે માહિતી પ્રાપ્ત કરી શકશે.

બાલવાટિકાના એક દિવસને અહીં આપેલી પ્રવૃત્તિઓ કરતાં કરતાં સમજીએ. પ્રવૃત્તિ દરમિયાન આટલા મુદ્દાઓનું ધ્યાન રાખીએ.

(1) પ્રવૃત્તિ કેવી રીતે કરાવવાની છે?

(2) તેનાં દરેક પગથિયાં કેમ મહત્વનાં છે?

(3) તે અધ્યયન નિષ્પત્તિ અને બાળવિકાસ સાથે કેવી રીતે જોડાય છે?

(4) આ દરમિયાન આપણે વર્ગમાં શું ન જ કરવું જોઈએ?

# ૩ મારું શરીર

**ઓગસ્ટ** **દિવસ 1** **સપ્તાહ 1**

- **સર્કલ ટાઈમ, આવકાર અને હાજરી (15 મિનિટ):** બાળકોને આવકારવાં, હાજરી પૂરવી, હળવી કવાયત કરાવવી તેમજ થિમ આધારિત વાતચીત / ચર્ચા કરવી.
- **વર્ગખંડની મુક્તરમત (30 મિનિટ):** વર્ગખંડમાં ઉપલબ્ધ સામગ્રીમાંથી બાળકોને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા દેવી. જેમ કે રમકડાં રમવાં, બ્લોક્સ ગોઠવવા, પૅટર્ન બનાવવી, તાર કે દોરામાં મણકા પરોવવા, કૅરમ કે ચેસ જેવી રમતો રમવી, વસ્તુઓ વડે વિવિધ આકાર બનાવવા, મૂળાક્ષરો કે અંકો પર બટન જેવી વસ્તુઓ ગોઠવવી વગેરે.

**પ્રવૃત્તિ 1 : બાળગીત (30 મિનિટ) [2.4.1, 9.13.1, 12.2.1]**

**સામગ્રી :** બાળગીત અંગેનાં ચિત્રો, સંગીતનાં સાધનો, બોર્ડબુક (શરીરના અંગો), ચાર્ટ (અજબ જેવી વાત).

**રીત :** બાળગીત સંભળાવવું.

નાની મારી આંખ એ જોતી કાંક કાંક,
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાક મારું નાનું એ સૂંઘે ફૂલ મજાનું,
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાના મારા કાન એ સાંભળે દઈ ધ્યાન,
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાનું મોઢું મારું એ બોલે સારું સારું,
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાના મારા હાથ એ તાળી પાડે સાથ,
એ તો કેવી અજબ જેવી વાત છે!
પગ મારા નાના એ ચાલે છાનામના,
એ તો કેવી અજબ જેવી વાત છે.
એ તો કેવી અજબ જેવી વાત છે.
એ તો કેવી અજબ જેવી વાત છે.

- ઉપેન્દ્રાચાર્ય

**પ્રવૃત્તિ 2 : યોગ્ય જોડ બનાવો [10.2.1] (વર્કશીટ-27)**

**સામગ્રી** : સંગીતનાં સાધનો.

**રીત** : ચિત્ર સાથે વગાડવાનાં સાધનની જોડી બનાવો.

**પ્રવૃત્તિ 3 : રાષ્ટ્રધ્વજ બનાવવો [3.2.1, 3.3.1, 12.1.1, 13.1.1]**

**(સર્જનાત્મક પ્રવૃત્તિ - 30 મિનિટ)**

**સામગ્રી** : કાગળ, ક્રેયોન કલર, ગુંદર, સળીઓ, કાતર.

**રીત** : લંબચોરસ કાગળ લઈ તેમાં કેસરી, સફેદ, લીલા રંગના ત્રણ પટ્ટા દોરવા કહેવું. વચ્ચે અશોકચક્ર બનાવવા કહેવું. ગુંદર વડે સળી લગાવી રાષ્ટ્રધ્વજ બનાવવો.

**પ્રવૃત્તિ 4 : 'ન' મૂળાક્ષરનો ઉચ્ચાર (30 મિનિટ) [10.1.1, 10.3.1]**

**સામગ્રી** : મોબાઈલ અથવા ટેપ રેકોર્ડર.

**રીત** : શિક્ષક 'ન' પરથી શરૂ થતા શબ્દો બોલીને અથવા મોબાઈલ કે ટેપ રેકોર્ડરથી શ્રવણ અનુભવ કરાવશે અને વિદ્યાર્થીઓ ને પણ 'ન' પરથી શરૂ થતા શબ્દો સાથે બોલવાનું કહેશે. દા.ત.

| | | | | |
|---|---|---|---|---|
| નમન | નમ | નસ | નભ | નળ |
| નથ | નન | નળી | નથણી | નકામું |
| નરમ | નહેર | નગદ | નગોડ | નવીન |
| નગરી | નકલ | નગર | નગારું | નયન |

**પ્રવૃત્તિ 5 : લેખનની પૂર્વતૈયારી [3.3.1] (વર્કશીટ-28)**

**સામગ્રી** : નોટ અને સ્લેટ

**પ્રવૃત્તિ 6 : મેદાનની રમત (30 મિનિટ) [14.4.1, 9.4.1] - 'કેટલે-કેટલે-પાણી'**

**રમતની રીત :**

કેટલે કેટલે પાણી?
કેટલે કેટલે પાણી ?
[બે હાથથી ઘૂંટણે અડીને] એટલે એટલે પાણી.
કેટલે કેટલે પાણી ?
[બે હાથથી સાથળે અડીને] એટલે એટલે પાણી.
કેટલે કેટલે પાણી ?
[બે હાથથી કમરે અડીને] એટલે એટલે પાણી.
કેટલે કેટલે પાણી ?
[બે હાથથી છાતીએ અડીને] એટલે એટલે પાણી.

| | |
|---|---|
| | કેટલે કેટલે પાણી ? |
| [બે હાથથી ખભાએ અડીને] | એટલે એટલે પાણી. |
| | કેટલે કેટલે પાણી ? |
| [બે હાથથી મોંએ અડીને] | એટલે એટલે પાણી. |

ત્યારબાદ પ્રશ્ન પૂછવો કે હવે આના ઉપર પાણી જાય તો શું થાય?

**પ્રવૃત્તિ 7 : વાર્તા (15 મિનિટ) - 'બહાદુર ચકલી' વાર્તા કેહવી [19.5.1, 9.6.1]**

## બહાદુર ચકલી

ચકલીબાઈ રાજા ને ઘેર જવા નીકળ્યાં. રસ્તે મળ્યો કૂકડો. કૂકડો પૂછે, "
ચકીબેન ! ક્યાં ચાલ્યાં?
ચકીબેન બોલ્યાં :
"રાજાને ઘેર જાવાજી, દાડમ દાણા ખાવાજી, ફુવારામાં નાહવાજી, રાણીને ખોળે બેસવાજી.
કુકડાને રાજા ની બીક લાગતી હતી, તેથી પૂછ્યું, " તમને રાજાની બીક નથી લાગતી ?"
ચકીબેન બોલ્યાં :
"બીએ મોટા પાડા, બીએ મોટા હાથી, હું નાની ચકલી હું શીદને બીઉં ?"
કૂકડાએ ખુશ થઈને કલગી આપી. આગળ જતાં મોર મળ્યો.
મોર કહે ચકીબેન ! ક્યાં ચાલ્યાં ?
ચકીબેન બોલ્યાં :
"રાજાના ઘેર જાવાજી, દાડમ દાણા ખાવાજી, ફુવારામાં નાહવાજી, રાણીને ખોળે બેસવાજી."
મોરે ચકીને કહ્યું તને રાજાની બીક નહીં લાગે?
ચકીબેન બોલ્યાં :
"બીએ મોટા પાડા, બીએ મોટા હાથી, હું નાની ચકલી, હું શીદને બીઉં ?"
મોરે ખુશ થઈને પીંછાં આપ્યાં.

ચકીબહેન રાજાના મહેલે આવ્યાં. ચોકીદારે ચકીબહેન ને રોકી લીધા. ચોકીદાર કહે 'ચાલી જા નહીં તો તલવાર મારીશ.' પણ બહાદુર ચકીબાઈ એમ કંઈ બીએ ? ઉડીને ચોકીદારની પાઘડી પર બેઠાં. ચોકીદાર તો ભડકીને ભાગી ગયો. ચકીબહેન ફ...ર...ર...ર કરી મહેલમાં ગયાં. રાજારાણી કહે 'આવો ચકીબાઈ અમારા ખોળામાં બેસો. દાડમના દાણા ખાવ અને ફુવારામાં નહાવ !
ચકીબેને તો દાણા ખાધા, મન ભરીને નાહ્યાં, ખાધું પીધું ને મોજ કરી !

**વિદાયઃ (15 મિનિટ) :** આખા દિવસમાં શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત.

## બાલવાટિકા માટે તજજ્ઞ દ્વારા નિદર્શન

**ધોરણ : બાલવાટિકા** **વિષય : ગણિત-ગુજરાતી** **માસ : ઓગસ્ટ** **પાન 11 થી 13**

| એકમ પ્રવૃત્તિ આધારિત વર્ગખંડ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા (વર્ગખંડ વ્યવહાર) | |
|---|---|
| એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિ | 2.4.1, 9.13.1, 12.2.1, 3.2.1, 10.1.1, 9.6.1, 13.1.1 |
| એકમની થિમ | મારું શરીર |
| પેજમાં સમાવિષ્ટ વિષયવસ્તુના મુદ્દા | શરીરનાં અંગો સાથે તેનું કાર્ય, અક્ષર ઓળખ, વાર્તા, |
| અધ્યયન પ્રક્રિયા (પેડાગોજી) | ગીત-વાર્તા આધારિત પેડાગોજી |
| અન્ય વિષય સાથે અનુબંધ | પર્યાવરણ, ગણિત, |
| વર્ગ સહાયક સાધન-સામગ્રી | અક્ષર-શબ્દ કાર્ડ, સંગીતનાં સાધનો |
| સ્થાનિક સાધન-સામગ્રી | વાર્તા પુસ્તિકા, શબ્દકાર્ડ્સ |
| 360 ડીગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) કેવી રીતે કરશો ? | ગીત-વાર્તાના આધારે વાતચીત, પ્રશ્નોત્તરી દ્વારા |
| પંચપદી પદ્ધતિ (પરિચય, સંકલ્પનાની સમજ, મહાવરો, પ્રયોગ, વિસ્તાર) | પરિચય, સંકલ્પનાની સમજ, મહાવરો |
| 21 મી સદીનાં કૌશલ્યો<br>(જીવન કૌશલ્યો: પ્રત્યાયન, વિવેચનાત્મક ચિંતન, સર્જનાત્મકતા, સહકાર, સમસ્યા ઉકેલ) | જીવન કૌશલ્ય, પ્રત્યાયન, સહકાર |
| બેઠક વ્યવસ્થાપન<br>(વ્યક્તિગત, જૂથ, જોડી, સમૂહ) | વ્યક્તિગત, સમૂહ-જૂથ |
| વિષયવસ્તુ સંદર્ભે વર્ગ પ્રક્રિયા ક્રમિક આયોજન | બેઠક વ્યવસ્થા<br>સૂચના સમજ<br>ઝીલગાન<br>વાતચીત<br>અભિનય<br>ચિત્રકામ<br>રમત |
| ધ્યાનમાં રાખવાની બાબત | વ્યક્તિગતકાર્ય, જોડીકાર્ય અને જૂથકાર્ય અલગ લેવાવું જોઈએ. |

❖ **અનુચિંતનઃ**

1. કવિતા દ્વારા અંગોના કાર્ય વિષે માહિતી આપી શકાય તેવું જણાય છે?
2. વાર્તા દ્વારા વિદ્યાર્થીઓને તાર્કિક પ્રશ્નોની સમજ આપી શકાય છે?
3. ‘સ્વસ્થ રહો ગીત’ દ્વારા વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારની સમજ આપી શકાય છે?
4. શું આપ માનો છો કે કેટલીક પ્રવૃત્તિ-રમત દ્વારા ભાષા-ગણિત જેવો વિષય શીખવી શકાય?

## સેશન 3 : બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 1

**સપ્ટેમ્બર** **દિવસ-1** **સપ્તાહ-1**

સર્કલ ટાઈમ, આવકાર અને હાજરી (15 મિનિટ).

વર્ગખંડની મુક્તરમત (30 મિનિટ).

**પ્રવૃત્તિ 27 : ‘સ્વસ્થ રહો, મસ્ત રહો’ ગીત (30 મિનિટ) [1.2.1, 1.2.3, 1.2.4, 1.2.5]**

**સામગ્રી :** ચિત્ર ચાર્ટ, બોર્ડબુક.

**(1) વર્ગની શરૂઆતમાં “સ્વસ્થ રહો – મસ્ત રહો” ગીત ગવડાવી પશ્નો પૂછો.**

સ્વસ્થ રહો - મસ્ત રહો,
સ્વસ્થ રહો - મસ્ત રહો,
સવારે ઊઠો તો - સ્વસ્થ રહો,
બ્રશ કરો તો - મસ્ત રહો.
દૂધ પીવો તો - સ્વસ્થ રહો,
સફાઈ કરો તો - મસ્ત રહો.
રોટલી ખાઓ તો - સ્વસ્થ રહો,
સવારે નહાઓ તો - મસ્ત રહો.
સાબુ લગાવો તો - સ્વસ્થ રહો,
રમત રમો તો - મસ્ત રહો.
વાળ ઓળો તો - સ્વસ્થ રહો,
નાચો કૂદો તો - મસ્ત રહો.

તમે રોજિંદી કઈ કઈ ક્રિયાઓ કરો છો ? (જરૂર પડે તો ગીતની ક્રિયાનાં નામ ફરી વાર કહેવાં)

- તમે બ્રશ કેવી રીતે કરો છો ?
- તમે કેટલા વાગ્યે ઊઠો છો ?
- તમે દૂધ પીવો છો ? (હા, તો કેટલું ?)
- તમે સફાઈ કરો છો ? (હા, તો શેની શેની ?)
- તમે કેટલી રોટલી ખાઓ છો ?
- તમે સાબુ વાપરો છો ? (ક્યારે ક્યારે ?)

(2) **વર્ગમાં વિદ્યાર્થીઓને નીચે મુજબની એક-એક સૂચના આપશે. સૂચના મળ્યા બાદ વિદ્યાર્થીઓ સમૂહમાં અભિનય કરશે.**

**ઉદાહરણ :** છોડને પાણી પાવું

- કપડાં ધોવાં
- વાસણ માંજવાં
- બાથરૂમ સફાઈ કરવી
- રંગ કામ કરવું
- કચરા પોતાં કરવાં
- શીશીમાં રંગીન પાણી ભરવું
- સીંગ ફોલવી

**પ્રવૃત્તિ 28 : કાગળ કામ - કૂતરો બનાવવો |12.1.1| (વર્કશીટ-47)**

**સર્જનાત્મક પ્રવૃત્તિ :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 29 : ચિત્રવાચન - વરસાદનું ચિત્ર, 30 મિનિટ, ।10.9.1। (વર્કશીટ-48)**

**સામગ્રી :** વરસાદનું ચિત્ર, ચિત્ર કેલેન્ડર

- વિદ્યાર્થીઓ ને ચિત્રનું ધ્યાનથી અવલોકન કરવા કહેવું.
- ચિત્ર બતાવીને નીચેના જેવા પ્રશ્નો પૂછવા.

**પ્રશ્નો :**

1. ચિત્રમાં શું શું દેખાય છે ?
2. આ ચિત્ર શેનું છે ? આ ચિત્રમાં વિદ્યાર્થીઓ શું કરી રહ્યાં છે ?
3. વરસાદ આવે ત્યારે તમે શું શું કરો છો ?
4. બે છોકરાઓ સાઇકલને ધક્કો કેમ મારે છે ?
5. એક બહેન શું ખાઈ રહ્યાં છે ?
6. હાથલારીવાળા ભાઈ લારીમાં શું લઈને જાય છે ?
7. વિદ્યાર્થીઓ ક્યાં જતાં હશે ?
8. દુકાનવાળાભાઈ શું બનાવી રહ્યા છે ?
9. વરસાદ પડ્યા પછી આપણી આજુબાજુ શું ફેરફાર જોવા મળે છે ?

**પ્રવૃત્તિ 30 : રમત : લીંબુ ચમચીની રમત રમાડવી. ।3.2.2, 3.3.1।**

**સામગ્રી :** લીંબુ અને ચમચી

**મેદાનની રમત :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 31 : વાર્તા કથન - 15 મિનિટ ।10.3.1।**

## ભટૂડીબેનનું ઘર

એક હતાં ભટૂડીબેન. એમને સાત ભટૂડાં હતાં. એકવાર ભટૂડીબેનને ઘર બાંધવાનો વિચાર થયો એટલે તેઓ સડક ઉપર જઈને બેઠાં ને માલનાં ગાડાંની રાહ જોવા લાગ્યાં.

એટલામાં એક ગોળનું ગાડું આવ્યું. ભટૂડીબેનને રસ્તામાં બેઠેલાં જોઈને ગાડાવાળાએ કહ્યું : "ભટૂડી, ભટૂડી! મારગમાંથી ઊઠ !"

ભટૂડીબેન કહે : "ભટૂડી, ભટૂડી ન કહો, ભટૂડીબેન કહીને બોલાવો. ભટૂડીબેનને ઘર બાંધવામાં મદદ કરો ને ગોળનું ગાડું ઠાલવીને જાઓ એટલે મારગમાંથી ઊઠું."

ગાડાવાળાએ તો ભટૂડીબેનને ભટૂડીબેન ભટૂડીબેન ગોળની થેલીઓને જંગલમાં લઈ ગયાં. પાછાં ભટૂડીબેન તો સડક પર જઈને બેઠાં ને માલનાં ગાડાંની વાટ જોવા લાગ્યાં. એટલામાં એક શેરડીનું ગાડું આવ્યું. ભટૂડીબેનને રસ્તામાં બેઠેલાં જોઈને ગાડાવાળાએ કહ્યું : "ભટૂડી,ભટૂડી! મારગમાંથી ઊઠ!"

ભટૂડીબેન કહે : "ભટૂડી, ભટૂડી ન કહો, ભટૂડીબેન કહીને બોલાવો. ભટૂડીબેનને ઘર બાંધવામાં મદદ કરો ને શેરડીનું ગાડું ઠાલવીને જાઓ એટલે મારગમાંથી ઊઠું!"

શેરડીના ગાડાવાળાએ તો ભટૂડીબેનને ભટૂડીબેન કહીને બોલાવ્યાં ને શેરડીનું ગાડું ઠાલવી નાખ્યું એટલે ભટૂડીબેન મારગમાંથી ઊઠી ગયાં.

ભટૂડીબેન શેરડીના સાંઠાનેય જંગલમાં જઈ મૂકી આવ્યાં.

પાછાં ભટૂડીબેન તો સડક ઉપર જઈને બેઠાં. એટલામાં એક કાચલીનું ગાડું આવ્યું. ભટૂડીબેનને રસ્તામાં બેઠેલાં જોઈને કાચલીના ગાડાવાળાએ કહ્યું : "ભટૂડી, ભટૂડી! મારગમાંથી ઊઠ."

ભટૂડીબેન કહે : "ભટૂડી, ભટૂડી ન કહો, ભટૂડીબહેન કહીને બોલાવો. ભટૂડીબહેનને ઘર બાંધવામાં મદદ કરો ને કાચલીનું ગાડું ઠાલવીને જાઓ એટલે મારગમાંથી ઊઠું !

કાચલીના ગાડાવાળાએ તો ભટૂડીબેનને ભટૂડીબહેન કહીને બોલાવ્યાં કાચલીનું ગાડું ઠાલવી નાખ્યું એટલે ભટૂડીબેન મારગમાંથી ઊઠી ગયાં.

ભટૂડીબેન કાચલીને જંગલમાં લઈ ગયાં. પછી ગોળની ભેલીની ભીંતો બાંધી, શેરડીના સાંઠાનું છાપરું બનાવ્યું ને કાચલીઓથી ઢાંકી લીધું.

પછી ભટૂડીબેન પાણી ભરવા ચાલ્યાં. ભટૂડાંને કહેતાં ગયાં :

" હું જયારે બોલું કે "ગોળ કેરી ભીંતલડી ને શેરડી કેરા સાંઠા; કાચલીએ ઘર છાયાં. ભટૂડાં, બારણાં ઉઘાડો.!'' ત્યારે બારણાં ઉઘાડજો.!!

વળી ભટૂડીબેન ફળિયામાં પડેલી રાખને, સૂંડલાને અને પીપળાને પણ ભટૂડાંની ભલામણ કરતાં ગયાં.

આ બધી વાત એક વાઘ ઘરની ભીંત પાછળ ઊભોઊભો સાંભળતો હતો. ભટૂડીબેન પાણી ભરવા ગયાં પછી તે બારણાં પાસે આવીને ઊભો રહ્યો ને બોલ્યો:

"ગોળ કેરી ભીંતલડી ને શેરડી કેરા સાંઠા; કાચલીએ ઘર છાયાં. ભટૂડાં બારણાં ઉઘાડો.' ફળિયામાં બેઠી હતી તે રાખ કહે : ‘‘એલાં ભટૂડાં!

બારણાં ઉઘાડશો મા, હોં કે ? એ તો વાઘ છે." પછી વાઘ રાખને દૂર નાખી આવ્યો અને બોલ્યો:

"ગોળ કેરી ભીંતલડી

ને શેરડી કેરા સાંઠા; કાચલીએ ઘર છાયાં. ભટૂડાં બારણાં ઉઘાડો.''

ત્યાં તો સૂંડલો કહે : ‘‘ભટૂડાં, ભટૂડાં! બારણાં ઉઘાડશો મા. એ તમારી મા નથી. એ તો વાઘ છે!"

ત્યાં તો વાઘ પાછો સૂંડલાનેય દૂર નાખી આવ્યો ને ફરી વાર બોલ્યો :

“ગોળ કેરી ભીંતલડી ને શેરડી કેરા સાંઠા; કાચલીએ ઘર છાયાં. ભટૂડાં બારણાં ઉઘાડો.”

ભટૂડાંએ જ્યાં બારણાં ઉઘાડયાં ત્યાં તો મોટો વાઘ! વાઘ તો એકદમ ભટૂડાંને ખાવા જતો ત્યાં બીતાંબીતાં

એક નાનકડું ભટૂડું બોલ્યું :

"વાઘમામા! વાઘમામા! અમે ભટૂડાં નાનાં ; મા નથી ઘરમાં, રહીએ છીએ છાનાંમાનાં; હમણાં અમને ખાશો મા, અમને મારશો મા; ભાત-ભાતનાં ભાથું લઈને આવશે અમારી મા."

વાઘે કહ્યું : "હું બહુ ભૂખ્યો છું. જો હું તમને ના ખાઉં તો શું ખાઉં ?!"

એટલામાં તો ભટૂડીબેન જંગલમાંથી આવી ગયાં. વાઘને જોઈને ભટૂડીબેન કહેવા લાગ્યાં : 'વાઘભાઈ, વાઘભાઈ! આવો, આવો! ભટૂડાં-ભટૂડાં! આમ જુઓ તો કોણ આવ્યું છે? તમારા વહાલા વહાલા વાઘમામાં આવ્યા છે!"

વાઘભાઈ ! વાઘભાઈ! બહુ દા’ડે આવ્યા મારા ઘેર; ભાત-ભાતનાં ભોજન કરો ને કરો લીલાલ્હેર! ભટૂડીબેને વાઘભાઈને ભાત-ભાતનાં ભોજન કરાવ્યાં

એટલે વાઘ કહેવા લાગ્યો :

ભટૂડીબેન! તું તો મારી બહેન છે. તને ખાઈશ નહિ; ભટૂડાઓ તો મારા ભાણેજ છે તમને મારીશ નહિ.

વાઘ તો તાજો-માજો થઈને જંગલમાં જતો રહ્યો. ભટૂડાં તો માને વળગી પડ્યાં ને બચબચ ધાવવા લાગ્યાં.

**વિદાય-15 મિનિટ :** આખા દિવસમાં શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત.

## બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 1

**ધોરણ- બાલવાટિકા** **વિષયઃ ગણિત-ગુજરાતી** **એકમઃ** ________ **માસ :**________

| એકમ પ્રવૃત્તિ આધારિત વર્ગખંડ અધ્યયન અધ્યાપન પ્રકિયા (વર્ગખંડ વ્યવહાર) | |
|---|---|
| એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિ<br>એકમની થિમ | |
| પેજમાં સમાવિષ્ટ વિષયવસ્તુના મુદ્દા | |
| અધ્યયન પ્રક્રિયા (પેડાગોજી) | |
| અન્ય વિષય સાથે અનુબંધ | |
| વર્ગ સહાયક સાધન-સામગ્રી | |
| સ્થાનિક સાધન-સામગ્રી | |
| 360 ડીગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) કેવી રીતે કરશો ? | |
| પંચપદી પદ્ધતિ (પરિચય, સંકલ્પનાની સમજ, મહાવરો, પ્રયોગ, વિસ્તાર) | |

| | |
|---|---|
| 21 મી સદીનાં કૌશલ્યો (જીવન કૌશલ્યોઃ પ્રત્યાયન, વિવેચનાત્મક ચિંતન, સર્જનાત્મકતા, સહકાર, સમસ્યા ઉકેલ) | |
| બેઠક વ્યવસ્થાપન (વ્યક્તિગત, જૂથ, જોડી, સમૂહ) | |
| વિષયવસ્તુ સંદર્ભે વર્ગ પ્રકિયા ક્રમિક આયોજન | |
| ધ્યાનમાં રાખવાની બાબત | |

❖ અનુચિંતનઃ

(1) આ આખા નિદર્શન દરમિયાન આપણે ક્રમશઃ શું શું કર્યું?

(2) સૂચના મુજબ અભિનય જેવી પ્રવૃત્તિઓ શા માટે કરાવવી જોઈએ?

(3) વર્કશીટનાં કાર્યમાં ચિત્રકામનાં આધારે લેખન-ગણન કરાવી શકાય છે?

(4) કાગળકામ કેમ કરાવ્યું હશે?

(5) અમુક કાર્ય જોડીમાં કે જૂથમાં કેમ કરાવ્યું હશે?

## સેશન 4 : બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય-2

### દિવસ 2

**સર્કલ ટાઈમ, આવકાર અને હાજરી :** 15 મિનિટ

**વર્ગખંડની મુક્તરમત :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 32 : અભિનય, 30 મિનિટ ।9.4.1, 12.2.4, 12.3.1।**

વિદ્યાર્થીઓને બે જૂથમાં સામસામે બેસાડી સૂચના આપનાર ટીમની સામે બેસનાર ટીમ અભિનય કરશે. અભિનય કરવાનું કહેશે.

ઉદાહરણ : હાથ-પગ ધોવા

- માથું ઓળવું
- નખ કાપવા
- પાણી પીવું
- બૂટ-ચંપલ પહેરવાં
- સ્લીપર ધોવાં
- પથારી પાથરવી
- કપડાંની ગડી વાળવી
- જમવાની પૂર્વતૈયારી
- ચોટલા ગૂંથવા
- ઘરેણાં પહેરવાં

**પ્રવૃત્તિ 33 : હું કહું તમે કરો. । 9.4.1, 12.2.4, 12.3.1 । 15 મિનિટ**

શિક્ષક જે સૂચના આપશે તે વિદ્યાર્થીઓએ કરવાની રહેશે. ત્રણ સરળ ક્રિયાઓ ક્રમમાં કરવા કહેશે. બાળકને ન આવડે તો બીજા બાળકને કરવા કહો.

**ઉદાહરણ :**

- ઊભા થાવ, હાથ ઉપર કરો, ત્રણ તાળી પાડો.

- ઊભા થાવ, ડાબે ફરો, જમણે ફરો.
- બ્રશ કરો, મોઢું ધોવો, લૂછો.
- પાણીની બોટલ ભરવી, ઢાંકણું બંધ કરવું, બેગમાં મુકવી.

**પ્રવૃત્તિ 34 : શીશીમાં રેતી ભરવી. ।3.3.1।**

**સામગ્રી** : શીશી, રેતી

**સર્જનાત્મક પ્રવૃત્તિ** : 30 મિનિટ

**પ્રવૃત્તિ 35 : 'દ' મૂળાક્ષરના ધ્વનિની ઓળખ, 30 મિનિટ, ।10.3.1।**

**સામગ્રી** : મોબાઈલ ફોન

**રીત** : શિક્ષક 'દ' પરથી શરૂ થતા શબ્દો બોલીને અથવા મોબાઈલથી સંભળાવીને શ્રવણ અનુભવ કરાવશે અને વિદ્યાર્થીઓ ને પણ 'દ' પરથી શરૂ થતા શબ્દો સાથે બોલવાનું કહેશે. દા.ત.

| | | | |
|---|---|---|---|
| દસ | દરદ | દખલ | દશેરા |
| દવા | દશક | દક્ષિણ | દરિયો |
| દહીં | દમન | દસાડા | દમણ |
| દર | દહાડ | દડબું | દિક્ષા |
| દત્ત | દદૂડી | દૂદૂડી | દમડી |

**પ્રવૃત્તિ 36 : સંગીત ખુરશી ।3.2.2, 3.3.1, 3.4.1, 9.4.1।**

**મેદાનની રમત** : 30 મિનિટ

**પ્રવૃત્તિ 37 : વાર્તા : મનજી અને ગધેડો, વાર્તા-15 મિનિટ ।9.1.1, 9.5.1, 9.6.1, 10.5.1।**

## મનજી અને ગધેડો

એક મનજી હતો. એક દિવસ તે એક વેપારીની મીઠાની ગુણ ગધેડાની પીઠ ઉપર લાદીને એક ગામથી બીજે ગામ લઈ જતો હતો.

રસ્તામાં એક નદી આવી. નદીમાં ઘૂંટણભર પાણી હતું. એથી મીઠાની ગુણો સાથે ગધેડાને તેમાં ઉતારીને સામે પાર જવા નીકળ્યો. પાણીમાં એક ખાડો આવ્યો, ગધેડાનો પગ તેમાં પડ્યો અને તે ઠોકરથી બેસી પડ્યો. તેની પીઠ પરની મીઠાની ગુણ પાણીમાં પલળી ગઈ. મીઠું ઓગળી જવાથી તેનો ભાર ઘણો હળવો થઈ ગયો. તેને આથી ઘણી રાહત થઈ ગઈ.

ગધેડાને આ ઘટનાથી ખ્યાલ આવ્યો કે પાણીમાં નમી જવાથી પીઠ પરથી મીઠાનો ભાર હળવો થઈ જાય છે. બીજી વખત જ્યારે મીઠાની ગુણ લઈને તે જતો હતો ત્યારે યુક્તિપૂર્વક તે બેસી પડ્યો. ત્રીજી વખત

પણ તેણે આમ કર્યું, તેને પોતાનો બોજો હળવો કરવાનો આ સરળ રસ્તો મળી ગયો હતો. (વિદ્યાર્થીઓ ને આ ગધેડાને શું થયું હશે ? તેવો પ્રશ્ન પૂછો. વિવિધ જવાબો મેળવીને પછી વાર્તાનો આગળનો ભાગ કહો.)

આમ ગધેડાને પાણીમાં વારંવાર બેસતો જોઈ, મનજીને તેની ચાલાકીની ખબર પડી. બીજા દિવસે તેણે

ગુણમાં મીઠાને બદલે રેતી ભરી દીધી. પેલી ગધેડો પાણી આવ્યું એટલે નમી પડ્યો પણ હવે રેતી પલળી જવાથી વજન વધી ગયું હતું, ભાર વધી જવાથી હલન ચલન શકતો પણ ન હતો. મનજી ડફણાં મારીને તેને ચલાવવા લાગ્યો.

આમ ગધેડાને પોતાની ચાલાકી જ ભારે પડી ગઈ, કોઈ પણ કામમાં કામચોરી અંતે હાનિકારક જ નીવડે છે.

શિક્ષક વિદ્યાર્થીઓની સાથે વાર્તામાં આવતાં પાત્રો અને વસ્તુઓ અંગે વાતચીત કરશે.

**વિદાય-15 મિનિટ :** આખા દિવસમાં શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત.

**ધોરણ : બાલવાટિકા** **વિષય : ગણિત-ગુજરાતી** **એકમ :** ____________ **માસ :** ____________

| **એકમ પ્રવૃત્તિ આધારિત વર્ગખંડ અધ્યયન અધ્યાપન પ્રકિયા (વર્ગખંડ વ્યવહાર)** | |
|---|---|
| એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિ | |
| એકમની થિમ | |
| પેજમાં સમાવિષ્ટ વિષયવસ્તુના મુદ્દા | |
| અધ્યયન પ્રક્રિયા (પેડાગોજી) | |
| અન્ય વિષય સાથે અનુબંધ | |
| વર્ગ સહાયક સાધન-સામગ્રી | |
| સ્થાનિક સાધન-સામગ્રી | |
| 360 ડીગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) કેવી રીતે કરશો ? | |
| પંચપદી પદ્ધતિ (પરિચય, સંકલ્પનાની સમજ, મહાવરો, પ્રયોગ, વિસ્તાર) | |
| 21 મી સદીનાં કૌશલ્યો (જીવન કૌશલ્યોઃ પ્રત્યાયન, વિવેચનાત્મક ચિંતન, સર્જનાત્મકતા, સહકાર, સમસ્યા ઉકેલ) | |
| બેઠક વ્યવસ્થાપન (વ્યક્તિગત, જૂથ, જોડી, સમૂહ) | |
| વિષયવસ્તુ સંદર્ભે વર્ગ પ્રકિયા ક્રમિક આયોજન | |
| ધ્યાનમાં રાખવાની બાબત | |

❖ **અનુચિંતન:**

1. વિદ્યાર્થીઓને વિષયવસ્તુની સમજ આપવા માટે અભિનય કરાવવો શા માટે જરૂરી જણાય છે?
2. 'હું કહું તેમ કરો' પ્રવૃત્તિ શા માટે કરાવવી જરૂરી છે?
3. મૂળાક્ષર ધ્વનિની અહીં આપેલ પ્રવૃત્તિના બદલે અન્ય કઈ પ્રવૃત્તિ કરાવી શકાય?
4. વાર્તા બાદ વાતચીત કરાવવી કેમ જરૂરી છે?

## સેશન 5 : બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય-3

### દિવસ-3

**સર્કલ ટાઈમ, આવકાર અને હાજરી :** 15 મિનિટ

**વર્ગખંડની મુક્તરમત :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 38 : માટીકામ, 30 મિનિટ ।3.3.1।**

વિદ્યાર્થીઓને માટીમાંથી પ્રાણીઓનાં રમકડાં બનાવતાં શીખવો. ત્યારબાદ તેઓને જાતે માટીમાંથી રમકડાં બનાવવા આપો.

**પ્રવૃત્તિ 39 : દૈનિક ક્રિયાઓને યોગ્ય ક્રમમાં ચર્ચો. ।1.2.1, 1.2.3, 1.3.2, 3.3.1, 4.5.1, 4.5.2, 5.1.1, 5.1.2, 7.1.1, 7.1.2। (વર્કશીટ-49) (વર્કશીટ-50 આ વર્કશીટ ફન પેજ-1માં આપેલ છે.)**

- વર્કશીટ 49માં દિનચર્યાનાં ચિત્રો આડાં-અવળાં આપેલાં છે. આ દૈનિક ક્રિયાઓને યોગ્ય ક્રમમાં ચર્ચો.
- વર્કશીટ 50માં દૈનિક ક્રિયાઓનાં ચિત્રો મેળવી ચોંટાડવાં.

**પ્રવૃત્તિ 40 : મુક્ત ચિત્રકામ ।3.3.1।**

**સર્જનાત્મક પ્રવૃત્તિ :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 41 : ચિત્ર આધારિત વાતચીત, 30 મિનિટ ।10.9.1। (વર્કશીટ-51)**

**સામગ્રી :** ક્રીડાંગણનું ચિત્ર

**રીત :**

- વિદ્યાર્થીઓને બે કે ત્રણ મિનિટ ચિત્રનું અવલોકન કરવા કહેવું.
- ચિત્ર બતાવીને નીચેના જેવા પ્રશ્નો પૂછવા.

**પ્રશ્નો :**

1. આ ચિત્રમાં શું શું દેખાય છે ?
2. આ ચિત્રમાં વિદ્યાર્થીઓ શું કરે છે ?
3. તમને કઈ રમત રમવી ગમે છે ?
4. ઘરમાં તમારી સાથે કોણ રમે છે ?
5. તમારા ઘરે રમવા કોણ-કોણ આવે છે ?
6. તમે રમવા ક્યાં જાઓ છો ?

**મેદાનની રમત :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 42 : કૂદકા મારવા. ।3.4.2, 3.4.3।**

**રીત :** વિદ્યાર્થીઓ ને જુદી જુદી રીતે કૂદકા મરાવવા. જેમ કે જગ્યા પર કૂદવું, બંને પગ સાથે રાખી કૂદવું, કમર પર હાથ રાખી કૂદવું, હાથ ઊંચે રાખી કૂદવું, હાથ બાજુ પર રાખી કૂદવું, કાન પકડી ચાલવું, કૂદવું વગેરે...

**પ્રવૃત્તિ 43 : ભટૂડીબેનનું ઘર, (પુનરાવર્તન) વાર્તા-15 મિનિટ ।9.1.1, 9.5.1, 10.3.1।**

**વિદાય-15 મિનિટ :** આખા દિવસમાં શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત.

## બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય-3

**ધોરણ : બાલવાટિકા** **વિષય : ગણિત-ગુજરાતી** **એકમ :** ____________ **માસ :** ____________

| એકમ પ્રવૃત્તિ આધારિત વર્ગખંડ અધ્યયન અધ્યાપન પ્રકિયા (વર્ગખંડ વ્યવહાર) | |
|---|---|
| એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિ | |
| એકમની થિમ | |
| પેજમાં સમાવિષ્ટ વિષયવસ્તુના મુદ્દા | |
| અધ્યયન પ્રક્રિયા (પેડાગોજી) | |
| અન્ય વિષય સાથે અનુબંધ | |
| વર્ગ સહાયક સાધન-સામગ્રી | |
| સ્થાનિક સાધન-સામગ્રી | |
| 360 ડીગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) કેવી રીતે કરશો ? | |
| પંચપદી પદ્ધતિ (પરિચય, સંકલ્પનાની સમજ, મહાવરો, પ્રયોગ, વિસ્તાર) | |
| 21 મી સદીનાં કૌશલ્યો (જીવન કૌશલ્યો: પ્રત્યાયન, વિવેચનાત્મક ચિંતન, સર્જનાત્મકતા, સહકાર, સમસ્યા ઉકેલ) | |
| બેઠક વ્યવસ્થાપન (વ્યક્તિગત, જૂથ, જોડી, સમૂહ) | |
| વિષય વસ્તુ સંદર્ભે વર્ગ પ્રકિયા ક્રમિક (આયોજન) | |
| ધ્યાનમાં રાખવાની બાબત | |

❖ **અનુચિંતન:**

1. આજના દિવસે કઈ પ્રવૃત્તિમાં વધુ આનંદ આવ્યો?
2. કઈ પ્રવૃત્તિ કરતી વખતે તમને મુશ્કેલી પડી રહી હતી?
3. ચિત્રમાં કઈ વસ્તુ કે રમત જોઈ તમને વધુ આનંદ થયો?
4. કૂદકા મારવાની પ્રવૃત્તિના બદલે અન્ય કઈ પ્રવૃત્તિઓ કરાવી શકાય?

# સેશન 6 : બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય-4

## દિવસ-4

**સર્કલ ટાઈમ, આવકાર અને હાજરી :** 15 મિનિટ

**વર્ગખંડની મુક્તરમત :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 44 : હલકું - ભારે, 15 મિનિટ ।8.8.2।**

બે સરખા પ્યાલા લો. તે પૈકી એકમાં પાણી ભરવું. બીજા પ્યાલાને ખાલી રાખો. એકથી વધુ વિદ્યાર્થીઓને ઊભા કરી પ્રત્યેક વિદ્યાર્થીના હાથમાં ક્રમશઃ ખાલી અને ભરેલો પ્યાલો મૂકી કયો પ્યાલો હલકો અને કયો પ્યાલો ભારે લાગે છે, તે વિશે વાતચીત કરો. તેમને સમજવા દો કે ભરેલા પ્યાલાથી ખાલી પ્યાલો હલકો છે. તેવી જ રીતે ખાલી પ્યાલાથી ભરેલો પ્યાલો ભારે લાગે છે.

**પ્રવૃત્તિ 45 : કોણ હલકું - કોણ ભારે ? ।8.8.2। (15 મિનિટ)**

**સામગ્રી :** ફ્લેશકાર્ડ

જુદાં-જુદાં પ્રાણીઓનાં ચિત્રો લો. તે પૈકી બે પ્રાણીઓનાં ચિત્રો બતાવી કોણ ભારે કોણ હલકું તેની ચર્ચા કરો. જેમ કે, બકરી અને ગાય, હાથી અને ઊંટ વગેરે...

**પ્રવૃત્તિ 46 : માટીમાંથી પ્રાણીઓનાં રમકડાં બનાવવાં. ।3.3.1, 12.1.2।**

**સર્જનાત્મક પ્રવૃત્તિ :** 30 મિનિટ

વિદ્યાર્થીઓને માટીમાંથી પ્રાણીઓનાં રમકડાં બનાવતાં શીખવવું.

**પ્રવૃત્તિ 47 : વિદ્યાર્થીઓ એ બોલેલા શબ્દો બોર્ડ પર લખવા. 30 મિનિટ ।10.4.2।**

વિદ્યાર્થીઓ જે શબ્દો બોલે, તે બોર્ડ પર લખવા. તેમાં વિદ્યાર્થીઓનાં નામ પણ આવે, નવા શબ્દો જાણવા મળે.

**પ્રવૃત્તિ 48 : 'ર' ના ધ્વનિની ઓળખ ।10.1.2, 10.3.1। (15 મિનિટ)**

**સામગ્રી :** મોબાઇલ ફોન

**રીત :** શિક્ષક 'ર' પરથી શરૂ થતા શબ્દો બોલીને અથવા મોબાઇલ ફોનથી સંભળાવીને શ્રવણ અનુભવ કરાવશે અને વિદ્યાર્થીઓને પણ 'ર' પરથી શરૂ થતા શબ્દો બોલવાનું કહેશે. દા.ત.

| | | |
|---|---|---|
| રજ | રમેશ | રમકડું |
| રમ | રમત | રજાઈ |
| રસ | રકાબી | રકમ |
| રડ | રસોડું | રમણ |
| રમા | રસીલા | રતન |
| રક્ષા | રસિયા | રજત |
| રવો | રચિત | રગડ |
| રથ | રબર | રક્ષણ |

**પ્રવૃત્તિ 49 : રમત - લીંબુ અને ચમચીની રમત રમાડવી. ।3.2.2।**

**સામગ્રી :** લીંબુ અને ચમચી

મેદાનની રમત : 30 મિનિટ

**પ્રવૃત્તિ 50 : પસંદગીની વાર્તા - 15 મિનિટ ।10.9.1।**

વિદ્યાર્થીઓને પૂછી તેમને ગમતી વાર્તા કહેવી.

**વિદાય-15 મિનિટ :** આખા દિવસમાં શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત.

## બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 4

**ધોરણ : બાલવાટિકા** **વિષય : ગણિત-ગુજરાતી** **એકમ :** ____________ **માસ :** ____________

| એકમ પ્રવૃત્તિ આધારિત વર્ગખંડ અધ્યયન અધ્યાપન પ્રકિયા (વર્ગખંડ વ્યવહાર) | |
|---|---|
| એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિ | |
| એકમની થિમ | |
| પેજમાં સમાવિષ્ટ વિષયવસ્તુના મુદ્દા | |
| અધ્યયન પ્રક્રિયા (પેડાગોજી) | |
| અન્ય વિષય સાથે અનુબંધ | |
| વર્ગ સહાયક સાધન-સામગ્રી | |
| સ્થાનિક સાધન-સામગ્રી | |
| 360 ડીગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) કેવી રીતે કરશો ? | |
| પંચપદી પદ્ધતિ (પરિચય, સંકલ્પનાની સમજ, મહાવરો, પ્રયોગ, વિસ્તાર) | |
| 21 મી સદીનાં કૌશલ્યો (જીવન કૌશલ્યોઃ પ્રત્યાયન, વિવેચનાત્મક ચિંતન, સર્જનાત્મકતા, સહકાર, સમસ્યા ઉકેલ) | |
| બેઠક વ્યવસ્થાપન (વ્યક્તિગત, જૂથ, જોડી, સમૂહ) | |
| વિષયવસ્તુ સંદર્ભે વર્ગ પ્રકિયા ક્રમિક (આયોજન) | |
| ધ્યાનમાં રાખવાની બાબત | |

❖ **અનુચિંતનઃ**

(1) નિદર્શન દરમિયાન શું શું કર્યું ?

(2) તે પૈકી કઈ બાબત વધુ અસરકારક હતી ? કેમ ?

(3) કઈ પ્રવૃત્તિમાં સુધારાને અવકાશ છે ? કયો ?

(4) બોર્ડ પર નવા શબ્દો બોલાવતા સમયે વિદ્યાર્થીઓમાં કઈ મુશ્કેલીઓ જોવા મળે છે ?

## સેશન 7 : બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય-5

**સર્કલ ટાઇમ, આવકાર અને હાજરી :** 15 મિનિટ

**વર્ગખંડની મુક્તરમત :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 51 : માટી કામ, 30 મિનિટ, ।3.3.1, 13.2.1।**

વિદ્યાર્થીઓને ભીની માટી આપીને શાકભાજી, ફળો, પ્રાણીઓનાં રમકડાં પૈકી કોઈ એક વસ્તુનો નમૂનો બનાવવા કહેવું. બનાવેલા નમૂના વર્ગમાં કોઈ એક જગ્યાએ ભેગા કરવા, નમૂના સુકાઈ જાય, પછી નીચેની પ્રવૃત્તિ કરાવવી.

- શિક્ષક કોઈ એક વિદ્યાર્થીને બોલાવશે.
- ચાર-પાંચ નમૂના બતાવી તે નમૂના કયા વિદ્યાર્થીઓએ બનાવ્યા છે, તે શોધવા કહેશે.
- દરેક વિદ્યાર્થીનો વારો આવી જાય તે રીતે પ્રવૃત્તિ આગળ વધારવી.

**પ્રવૃત્તિ 52 : માટીમાંથી પ્રાણીઓનાં રમકડાં બનાવવાં. (પુનરાવર્તન) ।3.3.1।**

**સર્જનાત્મક પ્રવૃત્તિ :** 30 મિનિટ

**પ્રવૃત્તિ 53 : વાક્યલેખન - વિદ્યાર્થીઓએ બોલેલાં વાક્યો બોર્ડ પર લખવાં. 30 મિનિટ ।10.4.2।**

વિદ્યાર્થીઓ પાસે વાક્યો બોલાવી તેને બોર્ડ પર લખાવવાં.

**પ્રવૃત્તિ 54 : સંગીત ખુરશી ।3.2.2, 3.3.1, 9.4.1।**

**સામગ્રી :** સંગીતનાં સાધનો

**મેદાનની રમત :** 30 મિનિટ

વિદ્યાર્થીઓને સંગીત ખુરશીની રમત રમાડવી.

**પ્રવૃત્તિ 55 : વાર્તાકથન - કાગડો અને કોઠીંબું (પુનરાવર્તન), વાર્તા - 15 મિનિટ, ।10.3.1।**

**વિદાય-15 મિનિટ :** આખા દિવસમાં શું ગમ્યું અને શું ન ગમ્યું તેની ચર્ચા/વાતચીત.

### બાલવાટિકા માટે તાલીમાર્થીઓ દ્વારા જૂથકાર્ય 5

**ધોરણ : બાલવાટિકા** **વિષય: ગણિત-ગુજરાતી** **એકમ :** ____________ **માસ :** ____________

| એકમ પ્રવૃત્તિ આધારિત વર્ગખંડ અધ્યયન અધ્યાપન પ્રકિયા (વર્ગખંડ વ્યવહાર) | |
|---|---|
| એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિ | |
| એકમની થિમ | |
| પેજમાં સમાવિષ્ટ વિષયવસ્તુના મુદ્દા | |
| અધ્યયન પ્રક્રિયા (પેડાગોજી) | |
| અન્ય વિષય સાથે અનુબંધ | |

| | |
|---|---|
| વર્ગ સહાયક સાધન-સામગ્રી | |
| સ્થાનિક સાધન-સામગ્રી | |
| 360 ડીગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) કેવી રીતે કરશો ? | |
| પંચપદી પદ્ધતિ (પરિચય, સંકલ્પનાની સમજ, મહાવરો, પ્રયોગ, વિસ્તાર) | |
| 21 મી સદીનાં કૌશલ્યો<br>(જીવન કૌશલ્યો: પ્રત્યાયન, વિવેચનાત્મક ચિંતન, સર્જનાત્મકતા, સહકાર, સમસ્યા ઉકેલ) | |
| બેઠક વ્યવસ્થાપન<br>(વ્યક્તિગત, જૂથ, જોડી, સમૂહ) | |
| વિષયવસ્તુ સંદર્ભે વર્ગ પ્રકિયા ક્રમિક આયોજન | |
| ધ્યાનમાં રાખવાની બાબત | |

❖ **અનુચિંતન:**

(1) સમગ્ર નિદર્શન દરમિયાન શું શું કર્યું ? રમકડા દ્વારા શિક્ષણ આપી શકાય તેવું તમે માનો છો ? કેમ ?

(2) કઈ બાબત વધુ સારી હતી ? કઈ બાબતમાં સુધારો કરી શકાય એમ છે ? કયો ?

(3) મુક્ત રમત દ્વારા ઘોંઘાટ અને અશિસ્ત થાય તો આપણે શું કરવું જોઈએ ?

(4) વાક્ય લેખનની પ્રવૃતિમાં બોર્ડ પર વાક્યો લખાવવાના બદલે અન્ય શું કરાવી શકાય ?

## સેશન 8 : ગુજરાતી પ્રવૃત્તિ નિદર્શન

**આ સેશનના હેતુઓ :**

**આ સેશનના અંતે શિક્ષકો ...**

- અધ્યયન સંપુટમાં આપેલ ભાષા પ્રવૃત્તિઓ અને પ્રયુક્તિઓ વિશે સમજ કેળવશે.
- વિષયવસ્તુ આધારિત રસપ્રદ અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ જાણી શકશે.
- વિષયવસ્તુ સાથે સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ વિષેની માહિતી પ્રાપ્ત કરી શકશે.
- ભાષા શીખવાની ભાષા રમતોની સમજ મેળવશે.
- અક્ષર-શબ્દ લેખનની પદ્ધતિ જાણવા મળશે.

ભાષાના સહજ વાંચન, લેખન અને મૌખિક અભિવ્યક્તિ માટે પુસ્તકમાં જે પ્રવૃત્તિઓ/ રમતો છે તે કરી જોઈએ.

**તજજ્ઞ દ્વારા નીચેના પૈકી એક પ્રવૃત્તિ નિર્દશન કરવું. ત્યારબાદ તાલીમાર્થીઓનાં જૂથ દ્વારા એક-એક પ્રવૃત્તિનું નિર્દશન કરાવવું.**

## 1. ગીતડું / ગીતિકા / ગીત

- ગીતનું પઠન કરાવો.
- પઠન કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં/જોડીમાં/જાતે તે કેવા રાગે ગાઈશું, તે પૂછો - નક્કી કરવા દો.
- કોઈ એક રાગ નક્કી થાય પછી તમે ગીતનું ગાન કરો.
- તેની એક-એક પંક્તિનું ઝીલગાન કરાવો.
- બરાબર ઝીલતાં આવડી જાય પછી સમૂહગાન કરાવો.
- ગીતનો શક્ય હોય તો અભિનય કરાવો (દરેક ગીતમાં અપેક્ષિત નથી.)
- આવાં ગીતો એકમ દરમિયાન સમયાંતરે ગવડાવતા રહો.



❖ **અનુચિંતન :-**

1. આ પ્રકિયામાં સૌથી અગત્યનું પગલું કયું છે? શા માટે ?
2. આના આધારે કઈ ક્ષમતા / અધ્યયન નિષ્પત્તિનો વિકાસ થઇ શકે છે ?
3. માત્ર ગીત/ગીતિકા/ગીતડું ગાવું અને એ જ કૃતિને કવિતા તરીકે શીખવવી - આ બે વચ્ચે શો તફાવત છે ?

## 2. વાતચીત

- 

  છે.

- ચિત્ર/વાર્તા/કવિતા સાથે વાતચીતમાં આપેલા બધા પ્રશ્નો તમે એક વાર વાંચી જાઓ.
- વાતચીતમાં આપેલા પ્રશ્નો સ્થાનિક ભાષામાં (વિદ્યાર્થીઓ  સમજી શકે તે રીતે) પૂછો.
- ચિત્ર જોઈને કે વાર્તા/કવિતા સાંભળ્યા બાદ તરત જ વિદ્યાર્થીઓ  જાતે જ તેના વિશે વાતો કરવા માંડે તો છાપેલા પ્રશ્નો પૂછવાને બદલે તેમની વાતોમાંથી પ્રશ્નો પૂછો.
- તેઓ અટકી જાય તેવું લાગે કે તરત જ આ પ્રશ્નો પૂછી તેમને ફરી બોલતા કરો.
- આ પ્રશ્નો વાતચીત કરવાની ભાષામાં પૂછો.
- આપેલા પ્રશ્નો સિવાયના પેટા કે પૂરક પ્રશ્નો પૂછી શકો છો.
- વાતચીતમાં બાળકનો કોઈ જવાબ તમને ખોટો લાગે તો પણ બાળકને ‘ખોટા’નું લેબલ ન લગાડો. બાળકને પૂછો કે તેમને એવો જવાબ કેમ લાગે છે.
- વાતચીતના પ્રશ્નો લખાવવાના નથી.
- વાતચીતના પ્રશ્નો આપેલ ક્રમમાં જ પૂછવાનો આગ્રહ ન રાખો.



❖ અનુચિંતન :-

2. વાતચીત શા માટે કરવી જોઈએ ?
3. ચિત્ર, વાર્તા, કવિતામાં આપેલ વાતચીત ન કરીએ તો શું ફેર પડે ?
4. વાતચીત કરવાથી વર્ગખંડ પ્રક્રિયામાં શો ફેર પડે ?

## 3. ચિત્ર

- વર્ગના તમામ વિદ્યાર્થીઓ જોઈ શકે તે રીતે ચિત્ર બતાવો.
- બધાંને તે ચિત્ર એક મિનિટ જેટલો સમય કંઈ પણ બોલ્યા વગર જોવા કહો.
- ચિત્ર આધારિત વાતચીત કરો.



વાતચીત

- 
- 
- 
- 
- 
- 
- 
- 
- 
- 

❖ **અનુચિંતન :-**

1. ચિત્રનું વર્ણન કરાવવાને બદલે ચિત્ર આધારિત વીતચીત શા માટે કરીએ છીએ ?
2. ચિત્ર જોવા માટે કેવી સૂચના આપશો ?
3. વિદ્યાર્થીઓ જોઈ શકે તે રીતે ચિત્ર સિવાય બીજા શેનું શેનું વર્ણન કરાવી શકાય ?
4. આમ કરીએ/ન કરીએ તો શું ફેર પડે ?

## 4. વાર્તા

- વિદ્યાર્થીઓની ચોપડી બંધ રખાવી વાર્તાનું ભાવવાહી પઠન કરો. (પઠન પહેલાં વાર્તા મોઢે કહેવી નહિ કે વીડિયો બતાવવા નહીં)
- પહેલી વાર આ વાંચન કરી લો કે તરત જ તેના આધારે વાતચીત કરો.
- આ પછી વાર્તાના આધારે કોઈ કામ કરવાનું આવે એટલી વાર વાર્તા ફરી વાંચી સંભળાવો.
- વિદ્યાર્થીઓને પણ તે વાર્તા કહેવા દો.



❖ **અનુચિંતન :-**

1. વાર્તા દરમ્યાન ચિત્રનું જોડાણ કેવી રીતે કરશો?
2. વાર્તાની ઘટના સરળ રીતે યાદ રહી જાય તે માટે કેવો પ્રયાસ કરી શકાય?
3. વાર્તા દરમ્યાન વિદ્યાર્થીઓને પોતાનો બોલવાનો વારો આવે તે માટે શું કરશો?

## 5. શ્રુતલેખન

- શ્રુતલેખન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને પેન્સિલ વગેરે હાથમાં રાખ્યા વગર તે તમામ શબ્દો અને વાક્યો મોટેથી યોગ્ય ગતિ સાથે વાંચી સંભળાવો.
- પહેલેથી સૂચના આપો કે તમે દરેક શબ્દ કે વાક્ય એક જ વાર બોલશો.
- શ્રુતલેખન કરાવતી વખતે શબ્દને શબ્દ તરીકે બોલો, અક્ષર છૂટા પાડીને ન જ બોલો. દા. ત. કો... ય... લ... એ રીતે ન બોલો, ‘કોયલ’ એમ આખો શબ્દ સાથે બોલતાં શીખવવો.
- એક વાર બોલ્યા બાદ એ લખાઈ રહે ત્યાં સુધી મૌન રહો. (બીજી કોઈ સૂચના વગેરે પણ ન આપો.)
- વિદ્યાર્થીઓનું શ્રુતલેખન વ્યક્તિગત ચકાસો. તેમાં રહેલી ભૂલો પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરો. જેમ કે, બાળક કોઈ અક્ષર ખોટો લખે છે, કોઈ અક્ષર વધારાનો લખે છે, કોઈક શબ્દ લખવાનું ચૂકી જાય છે, માત્રા કરવાની રહી જાય છે, ખોટી માત્રા લખે છે વગેરે. જો કે શરૂઆતમાં હ્રસ્વ ઇ કે ઉ અને દીર્ઘ ઈ કે ઊ ની માત્રાઓની સામાન્ય ભૂલો તરફ માત્ર નિર્દેશ કરો, એ ભૂલ સુધારવા માટે વધારાના વિશેષ પ્રયત્નોની જરૂર નથી. બાળક જેમ જેમ સાચા શબ્દો વાંચતું-જોતું જશે તેમ તેમ એ ભૂલ આપોઆપ સુધરતી જશે. પરંતુ બાળક જો ’એ’ ને બદલે ’આ’ કે ’ઓ’ની માત્રા, ’ઉ’ ને બદલે ’ઈ’ ની માત્રા વાપરે તો તે સુધારવા માટે પ્રયત્ન કરવો.



❖ **અનુચિંતન :-**

1. શ્રુતલેખન દરમ્યાન કઈ કાળજી રાખવી જોઈએ?
2. માત્રા આધારિત શબ્દોનું શ્રુતલેખન કરાવતા સમયે કેવા શબ્દો પસંદ કરવા જોઈએ?
3. શ્રુતલેખન કરાવતી વખતે અક્ષરો છૂટા પાડીને બોલવાને બદલે આખા શબ્દો કે શબ્દજૂથ કેમ બોલવાં જોઈએ ?

## 6. ફરી યાદ કરીએ

- બધા પ્રશ્નો એક વાર વાંચી જાઓ.
- આ પ્રશ્નો મૂલ્યાંકનના નથી એટલે એને કોઈ ચોક્કસ જવાબની અપેક્ષા રાખીને પૂછો નહીં.
- તમે એક પ્રશ્ન પૂછો એ પછી જો વિદ્યાર્થીઓ જાતે જ અન્ય બાબતો વિશે પોતાનું અનુચિંતન (Reflection) કરવા માંડે તો એ વિશેના પ્રશ્નો પૂછો નહીં.




❖ **અનુચિંતન :-**

1. ફરી યાદ કરીએ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં કઈ બાબતની જાગૃતિ આવે છે?
2. ફરી યાદ કરીએ સમયે કેટલાક વિદ્યાર્થીઓને પોતે કરેલ પ્રવૃત્તિ યાદ ન આવે તો શું કરવું જોઈએ?
3. આ પ્રવૃત્તિ આપણે શા માટે કરાવીએ છીએ ? તેનાથી શો ફાયદો થાય ?

## 7. જૂથકાર્ય

- આ પ્રકારની પ્રવૃત્તિ માટે વર્ગ સંખ્યા મુજબ નાનાં નાનાં ચાર કે તેથી વધુ જૂથ પાડો.
- જૂથમાં સોંપવાની પ્રવૃત્તિ પૈકી કોઈ એકનું નિદર્શન બધાં જૂથનાં એક-એક બાળકને વર્ગ સમક્ષ લાવી કરાવો.
- ત્યાર બાદ તેમને જૂથકાર્ય માટેનો ચોક્કસ સમય આપો. (જેમ કે 10 મિનિટ/15 મિનિટ)
- જૂથકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની વચ્ચે બેસી તેમને તેઓ જે કરતાં હોય તેના વિશે પ્રશ્નો પૂછતા રહો.
- સમાન વિદ્યાર્થીઓનું એક જ જૂથ વારંવાર ન બની જાય તેનો ખ્યાલ રાખો.
- જૂથકાર્ય પૂરું થાય ત્યારે તેમણે કરેલું કાર્ય બધા સમક્ષ રજૂ કરવા કહો. બીજાં જૂથ તેમાં પોતાનાં સૂચનો આપે તેવું આયોજન કરો.




10.7.1

[illegible]

❖ **અનુચિંતન :-**

1. જૂથકાર્ય શા માટે જરૂરી છે?
2. કોઈ સમયે સમાન વિદ્યાર્થીઓનું જૂથ બની જાય તો શું કરશો?
3. વિદ્યાર્થીઓ જૂથકાર્ય માટે વધુ સમય માંગે તો શું તેઓને વધુ સમય આપવો જોઈએ?

## 8. જોડીકાર્ય

- જોડીકાર્ય માટે બે-બે વિદ્યાર્થીઓની જોડી બનાવવા કહો.
- જોડીમાં જે પ્રવૃત્તિ કરવાની હોય તેનું એક ઉદાહરણ કોઈ એક જોડીને વર્ગ સમક્ષ લાવીને આપો.
- જોડીકાર્યની પ્રવૃત્તિ માટે ચોક્કસ સમય આપો.
- જોડીકાર્યને વર્ગ સમક્ષ રજૂ કરાવો.




10.3.1, 10.7.1

